નમસ્કાર ગાંધીનગર

પમરાટ

જિંદગીમાં જેટલા માઠા અનુભવ થાય છે
જીતવા માટેના એ સાચા અનુભવ થાય છે.
નોંધ રાખો પાછલી પેઢીને પણ ખપ લાગશે
વાટમાં જે કેં ખરા-ખોટા અનુભવ થાય છે.
- બાલુભાઇ પટેલ

પાથેય

- રમેશ ઠક્કર

ભાતીગળ જિંદગી

પ્હો ફાટે છે..એક નવું અરમાન ફૂટે છે..જીવન ચલને કા નામ હૈ...સવાર સાંજ ચાલતા રહેવું એટલે ધબકતા રહેવું..સ્થગિતતા શૈતાન જેવી હોય છે..એ ધીમેથી આપણને લપેટાય..એને ખંખેરી આગળ વધવાની ઉર્જા આપણી અંદર જ પડી હોય છે..એને પ્રગટાવવાની હોય છે..સુખનો છેડો નથી હોતો એનો ફક્ત પાલવ હોય છે..જેની ભાતીગળ કોર આસપાસ જ ખુશીઓ લ્હેરાતી હોય છે.

નવા જીવનનું કિરણ પ્રગટે છે..ઉદય અને અસ્ત આમ તો એના નિશ્ચિત મુકામ છે,પણ ઉગવાની ઘટના એક નવા આશાવાદ સાથે આકાર લેતી હોય છે..કશું જ સરળતાથી ઉઘડતું નથી..રસ્તો એ જ હોય છે..મુસાફરની ચાલ અલગઅલગ હોય છે..સીધાસટ ચાલી નાખવાની ઘટનાનું કોઈ મહત્વ નથી..આનંદ એટલે શું ? પોતાના હાથમાં જે ફુલો છે એમાંથી ગજરો બનાવવાની કળા.આમાં ફૂલો વધુ સારા મળે કે તાજાં જ મળે એ શરત નથી..ગજરો બનાવવાની આપણી આવડત મહત્વની શરત છે...!

હમણાં જ બનેલી એક ઘટના ઘણું શીખવી ગઈ...એક લાંબી મુસાફરીની વચ્ચે ગામના એક ખોરડે થોડીવાર ઉભા રહયા..બળબળતો બપોર હતો..પરિચિત પરિવારનાં તમામ સભ્યો ઉમળકાથી આવકારવા માટે બહાર આવ્યાં...ચા પાણી માટે ખૂબ આગ્રહ થયો..એ માટે કોઈપણ પ્રકારની અનુકુળતા હતી નહી..અમે પણ ઉતાવળમાં હતા..થોડીવારમાં જ સરસ મજાની ચા અમારા માટે તૈયાર થઈ ગઈ..આવી ગરમીમાં દૂધ ક્યાંથી આવ્યું હશે ? ઘરમાં ફ્રીઝ હોવાનો પ્રશ્ન જ ન હતો..ઘરની પાછળ ઉભેલી બકરીનું તાજું દૂધ ચુપચાપ આવી ગયું હતું..બીજી અનેક અડચણો હતી પણ પરિવારનો આતિથ્યભાવ આશાના તાંતણે જીવંત હતો..નાનો સરખો નિવાસ એકમેકના સહવાસથી ઉજાસમય બની ગયો..માણસને અભાવ નથી તોડી શકતો..એનો સ્વભાવ કદાચ એ માટે જવાબદાર હોય છે..

બહુ ભારેખમ ફિલસુફી લખવાનો કોઈ આશય નથી..મને ઘણા લોકોનો લાઈવ ઈન્ટરેસ્ટ સ્પર્શી જાય છે..અનેક સગવડો વચ્ચે પણ સંજોગોનો વાંક કાઢી વસવસો વ્યક્ત કરતા માણસો મને માનવજાત ઉપરના તહોમતનામા જેવા લાગે છે..કસ્તુરી પોતાની નાભિમાં છે છતાં અવિરત દોડતા મૃગ જેવી આપણી દશા છે..એની દોડમાં ગતિ છે પણ આશાવાદ નથી..આંતરખોજનો એક અભાવ હોય છે..

કરમાઈ જવાનાં અહીં લાખ કારણો છે પણ લીલાછમ રહેવાની એક પ્રબળ ઇચ્છા એ તમામને પરાસ્ત કરવા માટે પૂરતી હોય છે..જિંદગી એ કોઈ ઉકેલ માગતો કોયડો નથી કે જેને ઉકેલવાનો હોય..જીવન એટલે કાંટાઓ વચ્ચેથી મધ ચાટવાની નજાકત...જિંદગીને અર્થહીન રાખવી એટલે જ કટાઈ જવું..એમાં કોઈ અર્થ ઉમેરી સાર્થકતા ભરવી એ જ આમ તો માણસનું કર્તવ્ય છે..

આપણને જેની શોધ છે એ મોજ આપણી અંદર જ પડેલી હોય છે..માણસે તેને પ્રગટ કરવાની હોય છે.મોજ એ આયાત થઈ શકે એવી ચીજ નથી..ઊલટાનું એની નિકાસ કરવાથી એ વધે છે.મોજનું સરનામું માણસનું મન છે..એને શોધવા માટે બહાર ભટકવું કે આમતેમ ફાંફાં મારવાં એ નિરર્થકતા છે..આપણી અંદર જો આપણે એને શોધી નાખીએ તો એ આમજન જેવી બની જાય છે..આપણે જ્યાં જઈએ ત્યાં એ આપણી સાથે જ વિહરતી રહે છે..એક નવી સવારનો ઉઘાડ એટલે જ પ્હો ફાટવો..એની એકાદી ઝલક પણ કેટકેટલા જીવનમંત્રો આપણને આપી જાય છે..!

વ્યક્તિ સ્વાતંત્ર્ય અગત્યની બાબત છે

તંત્રીસ્થાનેથી...

વ્યક્તિ જયારે નાગરિક બને છે ત્યારે એને થોડાક પોતાની શરતે જીવવાના અધિકારો આપોઆપ મળી જતા હોય છે. રાહુલ ગાંધી વારંવાર વિદેશયાત્રાએ જાય છે અને ભારતીય જનતા પાર્ટીના રડાર પર આવી જાય છે. હમણાં ઉત્તરપ્રદેશની ચૂંટણીનાં પડઘમ વાગી રહ્યાં છે. રાહુલ ગાંધી ફક્ત કોંગ્રેસના પૂર્વ પ્રમુખ નથી - એ જ કોંગ્રેસના સર્વોચ્ચ નેતા છે, ભાવિ પ્રમુખ પણ એ જ છે અને કોંગ્રેસના વડાપ્રધાન પદના ઉમેદવાર પણ એ જ છે. જેમને એમની કાર્યશૈલી નથી ગમતી તેવા વરિષ્ઠ આગેવાનો અવારનવાર બળાપો વ્યક્ત કરતા રહે છે. જેની રાહુલ ગાંધી કદાચ સરખી નોંધ પણ નથી લેતા. અલબત્ત એથી કોંગ્રેસ દિવસે દિવસે વધુ ને વધુ નબળી પડતી જાય છે. રાહુલ પાસે એનો ઈલાજ નથી તેમ કોંગ્રેસ પાસે પણ પોતાની કથળેલી સેહત સુધારવાનો કોઈ ઈલાજ નથી. રાહુલ ગાંધીને જિન્સમાં - ગળથૂથીમાં વિદેશી સંસ્કારો મળેલ હોઈ એ મઠાશીશ આદિત્યનાથ યોગી કે હિંદુ હૃદય સમ્રાટ મોદી જેવા શ્રદ્ધાળુ ન પણ હોઈ શકે. પંડિત જવાહરલાલ તો લગભગ નાસ્તિક હતા. પરંતુ એમણે રાષ્ટ્રને રાષ્ટ્ર તરીકે ઘડ્યું અને આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ દેશને વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે પ્રતિષ્ઠા અપાવી તે ન જ ભૂલવું જોઈએ. એમના પ્રભાવક્ષેત્ર હેઠળની ઉત્તરપ્રદેશની બેઠકો પૈકી એક રાયબરેલી જ કોંગ્રેસ હસ્તક રહી છે. જયારે અમેઠી મોદી મોજામાં સ્મૃતિના પાલવમાં સરકી ગઈ છે. અમેઠી ઉપરાંત રાહુલ ગાધીએ કેરળની વાયનાડ સંસદ બેઠક પર પણ ચૂંટણીમાં ન ઝુકાવ્યું હોત તો તેઓ સંસદની બહાર ફેંકાઈ ગયા હોત. યોગી કે મોદીનું હિંદુ ધર્મ વિશેનું જ્ઞાન કે ચિંતન રાહુલ ગાંધી પાસે ન જ હોય તે સ્વાભાવિક છે. પરંતુ ચૂંટણી હિંદુ ધર્મના કોઈ ધર્માધ્યક્ષ ચૂંટણી માટે થતી. તે પ્રજાનું પ્રતિનિધિત્વ કરતા સાંસદની થાય છે. એટલે 'હિંદુત્વ કે હિંદુ' વાળી લડાઈ જે રાહુલને કયારેય લડતાં નથી આવડવાની એમાં ઊંડા ઊતરવાની જરૂર નથી. હિંદુત્વના મુદ્દે તો એ જ નહીં, કોંગ્રેસ આખેઆખી શરૂથી જ હારેલી છે. કોંગ્રેસે કયારેક રાજકારણમાં ધર્મને મહત્ત્વ નથી આપ્યું. લઘુમતીને પ્રોત્સાહન આપવા પાછળ એક નૈતિકતા હતી જે કાળક્રમે સ્વાર્થમાં ફેરવાઈ ગઈ અને એણે કોંગ્રેસને બહુમતી ધરાવતા હિંદુ મતદારોથી દૂર કરી દીધી છે. હવે જનોઈ ધારણ કરવાથી કે ગંગાજીમાં ડૂબકીઓ મારવથી એ 'બૂંદ સે ગઈ વો હૌજ સે' આવશે એવી આશા રાખવી વ્યર્થ છે જો કે ક્રૂરતાપૂર્વક યોગી કે સ્મૃતિ ઈરાની રાહુલ ગાંધી પર વરસી પડે છે તે એમના પ્રત્યે સૂગ અને રાહુલ ગાંધી પ્રત્યે સહાનુભૂતિ જરૂર સરજી શકે. પ્રજા તો રાજા રામની પણ નહોતી થઈ, તે યોગી, સ્મૃતિ કે મોદીની થઈ ગઈ છે એમ માની લેવાની જરૂર નથી. સમય બળવાન છે. ભારતીય જનતા પાર્ટીના જ એક સમયના 'જાયંય કિલર' સત્યપાલ મલિક ખેડૂતોની તરફેણમાં ખૂલીને બોલતા રહ્યા છે. હમણાં પણ એમણે મોદી સાથેની મુલાકાતમાં પ્રાપ્ત થયેલા ઘમંડી પ્રતિભાવનો હવાલો આપીને વમળો પેદા કર્યા છે. પાર્ટી એમની વિરુદ્ધ પગલાં ન જ લઈ શકે કારણ કે તેઓ બંધારણીય હોદ્દા પર આરૂઢ થયેલા છે. અલબત્ત, એ હોદ્દો એમને પાર્ટીએ અને મોદીએ જ આપેલો છે. પરંતુ વ્યક્તિ સ્વાતંત્ર્યના મુદ્દે એ સાચા છે. પાર્ટીની શિસ્તમાં નથી રહ્યા અને પોતે પણ સમજે છે કે તેમનો સમયગાળો પૂરો થયા પછી પાર્ટી એમને ફરી કયારેક યાદ કરવાની નથી.

અમે બંને અમારા સંકલ્પ મુજબ રોજ એક પરોપકારનું કામ કરીએ છીએ

નવાં કલેવર
નટવર હેડાઉ

બે મિત્રો હતા. કૃણાલ અને કિરણ. ભણવામાં હોય કે રમવામાં હોય.... હંમેશા બંને સાથે જ જોવા મળે. વળી બંનેનાં ઘર પર ખુબ નજીક હતા

મનની વાત તો મિત્રો સાથે જ થઈ શકે. તે ન્યાયે બંને જે કંઈ કરે અથવા કરવાના હોય તેની વાત એકબીજાને કર્યા વિના રહે જ નહીં. તેમની સાથેના બીજા છોકરાઓ તે બંને મિત્રો વચ્ચે ફૂટ પડાવવાની કોશિશ કરે પણ સફળ થાય નહીં.

કૃણાલ જીમ જોઈન્ટ કરે તો કિરણ પણ તેમાં પાછળ ન રહે. સવારમાં મોર્નિંગ વૉકમાં તો બંને રોજ સાથે જ હોય. તેથી લોકો કહેતા કે મિત્રો હોય તો આવા. બહાર કયાંક જવાનું થાય તો પણ બંને સાથે જ જાય. હમણાં બિન સચિવાલય કલાર્કની પરીક્ષા પણ બંનેએ સાથે જ આપેલી. આંદોલન કરવાનું આવ્યું તો તેમાં પણ બંને સાથે. પત્રકારોએ પૂછ્યું, 'ભાઈ કૃણાલ, તમે આંદોલનમાં વિદ્યાર્થી નેતા તો બની ગયા છો પણ તમારી મૈત્રી ટકશે ખરી ?'

'હાં જરૂર, અમારી મૈત્રી અતુટ છે.'

પણ તમે જાણો છો કે રાજકારણમાં તો કોઈ કોઈનું મિત્ર નથી હોતું. ને કોઈ કોઈનું દુશ્મન નથી હોતું ... સમય પ્રમાણે કાચીંડાની જેમ બધા રંગ બદલતા રહે છે.' આ સાંભળી કિરણ બોલી ઊઠ્યો. અમારી વચ્ચે તો એક જ મૈત્રીનો રંગ છે. જેનાથી અમે રંગાઈ ગયેલા છીએ. મીરાં એ કીધું છે ને કે 'કાળો કામળો દુજો ડાઘ ન લાગે કોય.' બસ એવું જ કંઈક.'

'એવું સાંભળવા મળ્યું છે કે તમે બંને એ કોઈક સંકલ્પ લીધો છે. પત્રકારે પૂછ્યું.'

'હાં, સાચી વાત છે. અમે એક શબ્દ સાંભલ્યો 'પરોકપાર' અને અને અર્થ અમને એમ સમજાયો કે બીજાનું ભલું કરવું. જયારથી એ શબ્દ મળ્યો છે તેને અપનાવી લીધો છે.' કૃણાલે કહ્યું.

'ઓહ, એથી જ તમે આ આંદોલનમાં આગેવાની લીધી છે ખરું ને ?' પત્રકારે પૂછ્યું.

'હા તમે એમ કહી શકો, અને કદાચ તેના લીધે જ અમારી મૈત્રી ટકી રહી છે.' કિરણે જવાબ આપ્યો.

'એ કઈ રીતે ?'

'અમે બંને સાથે જતા હોઈએ અને રસ્તામાં ચાલતાં કયાંક કાંટો દેખાઈ જાય તો હું ઉપાડીને કોઈને વાગે નહીં તેમ ડસ્ટબીનમાં નાંખી દઉં.' કૃણાલે કહ્યું.

'અને કિરણ ?'

'તેને જો રસ્તામાં કયાંક પથ્થર દેખાઈ ગયો તો તે વાહન ઊભું રાખી તેને હટાવી જ દેશે. તે પછી જ આગળ વધશે.' કૃણાલે કહ્યું.

'અમે બંને અમારા સંકલ્પ મુજબ રોજ એક પરોપકારનું કામ કરીએ છીએ.' કિરણે કહ્યું.

'વાહ, બહુ સરસ તો પછી આજે તને કોઈ પરોપકારનું કામ કર્યું?'

તે વખતે જ સામે નળમાં વ્યર્થ વહીં જતું પાણી જોઈને કૃણાલ દોડતો એ તરફ ગયો હતો. તેણે ત્યાં પહોંચી પાણીની ટોટી બંધ કરી ખુશ થતાં કહ્યું, 'આ થયું આજનું મારું કામ.'

આ બન્યું ત્યાં સુધીમાં કિરણ પણ સામેના ઘેર પહોંચી ગયો હતો અને અજવાળામાં બહાર બળી રહેલ લાઈટને બંધ કરવા મકાન માલિકને સમજાવતો હતો.

દિન મહિમા

- ડો. ઠાકોરભાઈ પટેલને જન્મ
  ગુજરાત રાજયના ભૂતપૂર્વ આરોગ્યમંત્રી અને સમાજસેવક.
- રાધેશ્યામ શર્માનો જન્મ ગુજરાતી ભાષાના અગ્રણી કવિ - સર્જક રાધેશ્યામ શર્માનો જન્મ ૧૯૩૬માં આજ દિને થયો હતો. ફેરો અને સ્વપ્નતીર્થ જેવી નવલકથાઓ માટે જાણીતા આ સર્જક રણજિતરામ સુવર્ણચંદ્રક સહિત અને પારિતોષિકોથી સન્માનિત છે.
- રાષ્ટ્રીય પક્ષી દિવસ
  લુપ્ત થતા પક્ષીઓની પ્રજાતિના રક્ષણ માટે રાષ્ટ્રીય પક્ષી દિવસ ઉજવાય છે.

આજનું

ઔષધ

- સરગવાનો ગુંદર દૂધમાં પીસી, માથા પર લેપ કરવાથી માથાનો દુઃખાવો મટે છે

ખડખડાટ

- પોલીસ : તે એક જ દુકાનમાં એકધારા ત્રણ દિવસ ચોરી કેમ કરી ?
  ચોર : સાહેબ, ચોરી તો મેં ઘરના માટે ખાલી એક જ વાર ડ્રેસની કરી બાકી બે દિવસ તો કલર બદલવા ગ્યો તો....

આજનો

વોટ્સએપ

- જન્મ નિશ્ચિત છે, મરણ નિશ્ચિત છે
  કર્મ સારા છે તો સ્મરણ નિશ્ચિત છે.

બોલીવુડમાં થતા લગ્નોની આરપાર

મન-રંજન
દ્વનિલ પારેખ

બોલીવુડની દુનિયામાં આજકાલ લગ્નોની ચર્ચા બહુ ચાલી રહી છે આ પ્રકારની ચર્ચામાં કોણ કોની સાથે લગ્ન કરે છે એ કરતાં પણ લગ્ન કયા સ્થળે થાય છે, એમાં કેટલો ખર્ચો થાય છે, કોણ કેવી મોંઘીદાટ ગીફ્ટ આપે છે, આ પ્રકારની ચર્ચા વધારે ચાલે છે. હાલમાં જ વિકી કૌશલ અને કેટરિના કૈફના રજવાડી લગ્ન થયા. કેટરિના કૈફ સલમાન ખાન સાથે જ લગ્ન કરશે અથવા તો સલમાન ખાનની નવી ગર્લફ્રેન્ડ તરીકે કેટરિના કૈફનું નામ બહું ચાલ્યું હતું પણ આખરે એ બધી ધારણાઓ ખોટી પડી અને કેટરિના કૈફ તથા વિકી કૌશલે લગ્ન કરી લીધા. વિકી કૌશલે લગ્ન કરી લીધાં. વિકી કૌશલ કેટરિના કૈફ કરતા સારો અભિનેતા છે, એમાં શંકાને સ્થાન નથી. પરંતુ આ જોડી કેવી રીતે જામી એ રહસ્ય અને રસપ્રદ વિષય છે.

આમ તો બોલીવુડમાં લગ્નોની બાબતે ધારણા બહારનું જ બનતું આવે છે. બિપાશા બાસુ અને જહોન અબ્રાહ્મ જાણે 'એક જિસ્મ દો જાન' જેવાં રહેતાં હતા અને એ બંને લગ્નો કરશે એવું આખી દુનિયા માનતી હતી પણ એ ધારણા પણ ખોટી પડી અને બિપાશા બાસુએ બીજા અભિનેતા સાથે લગ્ન કર્યા. આમ તો અમિતાભ બચ્ચન અને રેખા પણ લગ્ન કરશે એવું ચર્ચાતું હતું પણ એ ન થયું. રેખાએ ત્યારબાદ ચાર વખત લગ્ન કર્યા છતાં અત્યારે પણ એ એકલી જ છે.

નાની ઉંમરની અભિનેત્રીઓ પોતાનાથી ઘણા મોટા અભિનેતાઓ સાથે લગ્ન કરે એ પણ બોલીવુડમાં શકય છે. કરીના કપૂરે સૈફ અલીખાન સાથે લગ્ન કર્યા જે કરીના કરતા ઉંમરમાં ઘણો મોટો છે. એવું જ આમીર ખાનના સંદર્ભમાં પણ હાલમાં બન્યું છે. આમીર ખાને ત્રીજા લગ્ન કર્યા, 'દંગલ'ની અભિનેત્રી જોડે. 'દંગલ' ફિલ્મની અભિનેત્રી આમીર ખાન કરતાં ઉંમરમાં ઘણી નાની છે. આમીર ખાને 'ધોબીખાટ' ફિલ્મ વખતે એની દિગ્દર્શિકા કિરણ રાવથી અંજાઈને લગ્ન કર્યા હતા અને લાંબા સમયાં દાંપત્યજીવન બાદ બંને છૂટા પડ્યાં. એ પછી આમીર ખાને ત્રીજા લગ્ન કર્યા. નાની ઉંમરની અભિનેત્રીઓ મોટા ઉંમરના અભિનેતાઓ સાથે લગ્ન કરે છે, એ પાછળ એક માત્ર કારણ સંપત્તિ સિવાય બીજું કશું દેખાતું નથી. વિદ્યા બાલન અને જૂહી ચાલવાએ ઉદ્યોગપતિઓ સાથે લગ્ન કર્યા છે. એની પાછળ પણ કારણ તો સંપત્તિ જ રહ્યું છે, એટલે, બોલીવુડમાં લગ્નો થાય છે એના કેન્દ્રમાં ખરેખર પ્રેમ હોય છે એવું માનવાને જરા પણ જરૂર નથી. પ્રેમ સિવાયનાં કારણો વધારે ભાગ ભજવતા હોય છે.

સુખડ બાજોઠી ઘડાવો રે, મારા ગણેશ દૂંદાળા

મનના ઉમંગો
રણછોડ પરમાર

આમ તો કંકોતરી લખવામાં આવે ત્યારથી જ લગ્નનું કામકાજ શરુ થઈ ગયું કહેવાય. પણ લગ્નના શુભ પ્રસંગો તો ગણેશ બેસાડયા પછી આરંભ થયા કહેવાય. એ પછી તુરત મંડપ મુહૂર્ત કરવામાં આવે છે. દીકરીના લગ્ન હોય તો બીજા દિવસે જાન તેડાવવામાં આવે છે. પુત્રના લગ્ન હોય તો પછીના દિવસે જાનપ્રસ્થાન કરવામાં આવે છે. હવેની દુનિયામાં દોડાદોડી વધી ગઈ છે, રજાઓની તંગી છે, નાણાં કોથળીમાં તાણ છે એટલે લોકો બધાયે શુભપ્રસંગોને એક જ દિવસમાં સમેટી લે છે. "બીજું શું ? મહેમાનોને ઝાઝા દિ' બગાડવા નો પડે, ઢોલીડાને વારે વારે ફોન કરવા ના પડે અને હંધુંયે એક રસોડે પતી જાય. " એવું ગૌરવભેર કહેવામાં આવે છે. કન્યાના લગ્નમાં તો મામેરું પણ આવે. જો કે, આમ ગણેશપૂજા, મંડપમુહૂર્ત, મામેરું, ઉકરડી, ગોતરડો, જાન તમામ કાર્યો એક દિવસમાં કરવાનું કેટલું અઘરું છે એ તો કરનારાને પૂછીએ તો જ ખબર પડે.

કંકોતરીના શુભ પ્રસંગોમાં ગણેશપૂજાનો જે સમય દર્શાવ્યો હોય તે સમયે જો ગોરદાદા આવી જાય તો વર કે કન્યાનો પિતા ભારે ભાગ્યશાળી ગણાય ! કેટલા ફોન લગાડવા પડે ? ફોન કર્યા પછી ખબર પડે કે ગોરદાદા તો અત્યારે બીજા કોઈનું માંડવા મુહૂર્ત કરી રહ્યા છે એ પતે પછી આવશે. તમારે નાછૂટકે મન મારીને બેસી રહેવું પડે. જો કે વર કે કન્યાના બાપને બેસી રહ્યો થોડું પાલવે ? એને તો બીજા હજાર કામ બાકી હોય. અમુક મહેમાનો આવીને ખુરશી પર બેઠા બેઠા ચાની રાહ જોઈ રહ્યા હોય, મંડપવાળાને ફોન કરવાનો બાકી હોય, છેલ્લા દિવસની ખરીદી એવી પૂજાના ફૂલ, હાર, તોરણ, મીઠાઈ એ બધું બજારમાંથી લાવી મંગાવવાનું હોય. ઢોલવાળોય ફોન કર્યા પહેલો થોડો આવી જવાનો ? તમે નહીં માનો છેક છેલ્લા દિવસેય ઘણાને બેત્રણ કંકોતરીઓ પહોંચાડવાની રહી ગઈ હોય છે. આ બધી કડાકૂટમાં પિતાશ્રી ગોરને ફરી ફોન કરવાનું ભૂલી જાય. ઘરવાળા સજાગ હોય તો યાદ કરાવે અને પુનઃ સંપર્ક કરવા તત્પર થાય ત્યાં તો રેશમી ધોતી અને ઝભ્ભામાં સજ્જ કોઈ જુવાનિયો બાઈકનું હોર્ન ટેં ટેં વગાડતો આવે જેને જોઈને પિતાને હાશ થાય. " લ્યો ગોરબાપા આવી ગયા" એવું બોલાઈ પણ જાય. પૂજા કરાવનાર બ્રાહ્મણ ગમે તેટલી નાની ઉંમરનો હોય એને દાદા જ કહેવાય કોઈ વળી ગોરબાપા કહીનેય બોલાવે.

મોડા આવેલા ગોરબાપા ઉતાવળ કરવા માંડે. કુશળ ગૃહિણીએ મહારાજે મંગાવેલી પૂજાપાની સામગ્રી તૈયાર કરીને જ રાખી હોય. ફૂલહાર અને ફલફળાદિ પણ સવારના મંગાવી લીધાં હોય. પંચામૃત મોટો વાડકો ભરીને બનાવી દીધું હોય. થોડીવારમાં જ ગણેશપૂજા શરુ થાય. બાજુમાં બેઠેલી બહેનો હોંશે હોંશે ગાવા માંડે ગણેશપૂજાનું ગીત.

સુખડ બાજોઠી ઘડાવો રે, મારા ગણેશ દૂંદાળા.
ગણેશ દૂંદાળા ને મોટી ફાંદાળા,
પરથમ ગણેશ બેસાડો રે, મારા ગણેશ દૂંદાળા.
કૃષ્ણની જાને રૂડાં ઘોડલાં શણગારો,
ઘોડલિયે પિત્તાળિયા પલાણ રે, મારા ગણેશ દૂંદાળા.
કૃષ્ણની જાને રૂડાં હાથીડાં શણગારો,
હાથીડે લાલ અંબાડી રે, મારા ગણેશ દૂંદાળા.
કૃષ્ણની જાને રૂડી વેલડી શણગારો,
વેલડીએ મીણિયા માફા રે, મારા ગણેશ દૂંદાળા.
કૃષ્ણની જાને રૂડાં દેવતા શણગારો,
નવખંડ નોતરાં દીધાં રે, મારા ગણેશ દૂંદાળા.
કૃષ્ણની જાને રૂડાં જાનૈયા શણગારો,
જાનૈયા લાલ ગુલાલ રે, મારા ગણેશ દૂંદાળા.
કૃષ્ણની જાને રૂડી જાનડી સોંડાડો
જાનડીઉં કેસર ભીની રે, મારા ગણેશ દૂંદાળા.
દેશો તે દેશના દેવતા તેડાવ્યા,
ગણેશ મેલ્યા વિસારી રે, મારા ગણેશ દૂંદાળા.
પેટ છે મોટું ને સૂંટ છે લાંબી,
ગણેશ આવે સૌ લાજે રે, મારા ગણેશ દૂંદાળા.
છેટે સીમાડે જાનું જ્યાં પહોંચિયું,
ઈશ્વરનો રથ ભાંગ્યો રે, મારા ગણેશ દૂંદાળા.
ભાંગી પીંજણિઉં રે ભાંગ્યા તળાવા,
ઘોરીડે તૂટી બેવડ રાશું રે, મારા ગણેશ દૂંદાળા.
ઉઘાડે વાંસે ને અણવાર્યે પગે,
ગણેશ મનાવા જાય રે, મારા ગણેશ દૂંદાળા.
તમો ગણેશ ને તમો પરમેશ્વર,
તમ આવ્યે રથ ચાલે રે, મારા ગણેશ દૂંદાળા.
અમે દૂંદાળા અને મોટી ફાંદાળા,
અમ આવ્યે તમ લાજો રે, મારા ગણેશ દૂંદાળા.
અમારે જોશે મણના રે લાડું,
મણના જોશે તો સવાના દેશું રે, મારા ગણેશ દૂંદાળા.
જાગ જનોઇ ને લગન અઘરણી,
પરથમ ગણેશ બેસારો રે, મારા ગણેશ દૂંદાળા.